# શ્રી વી. આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા

## જુનિયર કલાર્ક વર્ગ-૩ બિન અનામત (OPEN) ભાગ-૨ ની

તા.: ૦૩/૦૨/૨૦૨૬ મુખ્ય લેખિત પરીક્ષા સમય: ૨:૦૦ થી ૪:૦૦

| પરીક્ષા નંબર: | પ્રશ્નપત્ર નંબર: | પેપર કોડ: B |
|---|---|---|

### <u>ઉમેદવાર માટેની અગત્યની સૂચનાઓ:</u>

| | |
|---|---|
| ૧. | પ્રશ્નપુસ્તિકામાં કુલ ૨૦૦ હેતુલક્ષી (MCQ) પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો ૧ ગુણ છે. |
| ૨. | પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે. |
| ૩. | ૧ થી ૨૦૦ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તરત જ પ્રશ્નપુસ્તિકા ખંડ નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી. |
| ૪. | OMR SHEET ઉપર આપનો પરીક્ષા નંબર અને પેપર કોડ ફરજિયાત લખવાનો રહેશે. |
| ૫. | પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે. |
| ૬. | પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રીક ઉપકરણો, મોબાઈલનો ઉપયોગ કરવો નહી અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહી. |
| ૭. | ઉમેદવારે માત્ર બ્લેક અને બ્લૂ બોલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈપણ પ્રકારની પેન અને પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી. |
| ૮. | ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પદ્ધતિ લાગુ પડશે. |
| ૯. | દરેક પ્રશ્નના જવાબમાં એક વિકલ્પ "E" "Not Attempted" માટેનો રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ઇચ્છતા ના હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. |
| ૧૦. | પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહી કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. |
| ૧૧. | પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહી (O.M.R. SHEET)માં કઈ પણ રફકામ કરવું નહિ. કોઈપણ ઉમેદવારે પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવા નહીં. |
| ૧૨. | આ જવાબવહી (O.M.R. SHEET) વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી. |
| ૧૩. | આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સાથે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. |

ઉમેદવારની સહી: ____________ ખંડ નિરીક્ષકની સહી: ____________

## JUNIOR CLERK MAIN EXAMINATION - SET - B

1. સુપ્રીમ કોર્ટનું ધ્યેય વાક્ય यतो धर्म स्ततो जय: વાક્ય ક્યાંથી લેવામાં આવ્યું છે ?

| | |
|---|---|
| (A) ભગવદ ગીતા | (B) મહાભારત |
| (C) ઉપનિષદ | (D) વેદાંત |

2. 'કોઈનો વિજય નહીં, કોઈનો પરાજય નહીં' આ વિધાન કઈ અદાલતનું છે ?

| | |
|---|---|
| (A) નારી અદાલત | (B) સર્વોચ્ચ અદાલત |
| (C) લોક અદાલત | (D) વડી અદાલત |

3. નાણાપંચની ભલામણો હેઠળ કેન્દ્ર તરફથી રાજ્યોને અપાયેલી ગ્રાન્ટ-અનુદાનને શું કહેવામાં આવે છે ?

| | |
|---|---|
| (A) યોજનાગત અનુદાન | (B) વિકાસ સહાય |
| (C) વૈધાનિક અનુદાન | (D) વિવેકપૂર્ણ અનુદાન |

4. "લોકસ સ્ટેન્ડી" સિદ્ધાંત નીચેના પૈકી કયામાં લાગુ પડે છે ?

| | |
|---|---|
| (A) હેબિયસ કોર્પસ | (B) જાહેર હિતની અરજી |
| (C) કવો વોન્ટો | (D) ઉત્પ્રેક્ષણ |

5. ચૂંટણીપંચ, સર્વોચ્ચ ન્યાયાલય, સંઘ લોકસેવા આયોગ, નિયંત્રક અને મહાલેખા પરીક્ષણના કાર્યાલય જેવી સંસ્થાઓમાં કયું એક લક્ષણ સમાન છે ?

| | |
|---|---|
| (A) તે સલાહસૂચન આપતી સંસ્થા છે. | (B) તે બંધારણત્તર સંસ્થા છે. |
| (C) તે વિધાનમંડળ દ્વારા નિયંત્રિત છે. | (D) તે બંધારણીય સંસ્થા છે. |

6. ગુજરાત પંચાયત ધારામાં કેટલી કલમો છે ?

| | |
|---|---|
| (A) 280 | (B) 239 |
| (C) 279 | (D) 270 |

7. પંચાયત નિધિમાંથી નાણા ઉપાડવાનો કે ખર્ચવાનો અધિકાર કોને છે ?

| | |
|---|---|
| (A) જિલ્લા વિકાસ અધિકારી | (B) કારોબારી સમિતિના અધ્યક્ષ |
| (C) જિલ્લા કલેક્ટર | (D) જિલ્લા પંચાયતના પ્રમુખ |

8. જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની મુદત કેટલા વર્ષની હોય છે ?

| | |
|---|---|
| (A) 1 વર્ષ | (B) 2 વર્ષ |
| (C) 5 વર્ષ | (D) 2.5 વર્ષ |

9. RTI કાયદાને ક્યારે ઘડવામાં આવ્યો ?

| | |
|---|---|
| (A) 15 મે 2005 | (B) 15 જુલાઈ 2005 |
| (C) 15 માર્ચ 2005 | (D) 15 જૂન 2005 |

10. RTI અંતર્ગત માહિતી માગવા માટે ફી ભરવાની કઈ પદ્ધતિ માન્ય નથી ?

| | |
|---|---|
| (A) મની ઓર્ડર દ્વારા | (B) ફ્રેન્કિંગ મશીન દ્વારા |
| (C) ચલણથી | (D) પોસ્ટલ ઓર્ડરથી |

11. RTI ACT - 2005ની કલમ-27 અન્વયે ગુજરાત સરકારે RTI Rules-2010 ક્યારે જાહેર કર્યા ?

| | |
|---|---|
| (A) 23 માર્ચ 2010 | (B) 14 ફેબ્રુઆરી 2010 |
| (C) 22 માર્ચ 2010 | (D) 12 ઓક્ટોબર 2010 |

12. ભારતમાં નાણાપંચના સભ્યોની નિમણૂક કોણ કરે છે ?

| | |
|---|---|
| (A) રાષ્ટ્રપતિ | (B) વડાપ્રધાન |
| (C) કેન્દ્રીય નાણામંત્રી | (D) સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ |

13. નીચેના પૈકી કઈ સેવા અખિલ ભારતીય સેવા નથી ?

| | |
|---|---|
| (A) ભારતીય પ્રશાસનિક સેવા | (B) ભારતીય પોલીસ સેવા |
| (C) ભારતીય વિદેશ સેવા | (D) ભારતીય વન સેવા |

14. જાહેર માહિતી અધિકાર અધિનિયમ હેઠળ નીચેના પૈકી કોણ માહિતી મેળવી શકે છે ?

| | |
|---|---|
| (A) નાગરિક | (B) કંપની |
| (C) કોર્પોરેશન | (D) ઉપરોક્ત તમામ |

15. બંધારણનો કયો અનુચ્છેદ સુપ્રીમ કોર્ટ દ્વારા ન્યાયિક સમીક્ષાની જોગવાઈ કરે છે ?

| | |
|---|---|
| (A) અનુચ્છેદ 124 | (B) અનુચ્છેદ 25 |
| (C) અનુચ્છેદ 13 | (D) અનુચ્છેદ 12 |

16. નીચેનામાંથી કઈ કટોકટી ભારતના બંધારણમાં નક્કી કરવામાં આવી નથી ?

| | |
|---|---|
| (A) નાણાકીય કટોકટી | (B) રાષ્ટ્રીય કટોકટી |
| (C) જૈવિક કટોકટી | (D) બંધારણીય કટોકટી |

17. રાજ્યના બંધારણીય વડા કોણ છે ?

| | |
|---|---|
| (A) રાજ્યપાલ | (B) રાષ્ટ્રપતિ |
| (C) ઉચ્ચ અદાલત ના મુખ્ય ન્યાયમૂર્તિ | (D) મુખ્યમંત્રી |

18. ભારતીય બંધારણનો કયો ભાગ કેન્દ્ર-રાજ્ય સંબંધો સાથે સંબંધિત છે ?

| | |
|---|---|
| (A) ભાગ XI | (B) ભાગ XII |
| (C) ભાગ IX | (D) ભાગ X |

19. નીચેનામાંથી કોને ભારતમાં નાગરિકત્વના અધિકારનું નિયમન કરવાની સત્તા છે ?

| | |
|---|---|
| (A) રાજ્યપાલ | (B) સંસદ |
| (C) સુપ્રીમ કોર્ટ | (D) કાયદા પંચ |

20. કઈ સમિતિને સંસદનો ત્રીજો ગૃહ ગણવામાં આવે છે ?

| | |
|---|---|
| (A) નિયમ સમિતિ | (B) જાહેર હિસાબ સમિતિ |
| (C) અંદાજ સમિતિ | (D) જાહેર ઉપક્રમ સમિતિ |

21. મેસોપોટેમીયા થી કયા રાજાનો શિલાલેખ મળી આવ્યો છે ?

| | |
|---|---|
| (A) અક્કડના રાજા સારાગોન | (B) અશોકનો |
| (C) રાજા વિજયસેનનો | (D) સમ્રાટ હર્ષનો |

22. ચોથી બૌદ્ધ સભાનું આયોજન કયા સ્થળે કરવામાં આવેલ હતું ?

| | |
|---|---|
| (A) કાશ્મીર | (B) પાટલીપુત્ર |
| (C) વૈશાલી | (D) સપ્તપર્ણી |

23. ગુજરાતમાં રાણકદેવીનું મંદિર નીચેના પૈકી કયા સ્થળે આવેલું છે ?

| | |
|---|---|
| (A) મોરબી | (B) પાટણ |
| (C) વઢવાણ | (D) એકપણ નહીં |

24. "ખૂબ લડી મર્દાની, વહ તો ઝાંસી વાલી રાની થી" ની રચના કોણે કરેલી છે ?

| | |
|---|---|
| (A) સુમિત્રાનંદન પંત | (B) સુભદ્રાકુમારી ચૌહાણ |
| (C) મહાદેવી વર્મા | (D) ચંદ્રિકા દત્ત |

25. ધર્માંતર કરાયેલા હિન્દુઓને હિન્દુ ધર્મમાં ફરી લાવવા માટે 'શુદ્ધિ ચળવળ' કોણે કરી હતી ?

| | |
|---|---|
| (A) સ્વામી વિવેકાનંદ | (B) સ્વામી દયાનંદ સરસ્વતી |
| (C) જ્યોતિબા ફૂલે | (D) પૂજ્ય શ્રી મોટા |

26. જર્મનીમાં કોના પ્રયત્નોથી " રાષ્ટ્રીય સ્વયંસેવક દળ" ની રચના કરવામાં આવી હતી ?

| | |
|---|---|
| (A) ચંપક રમણ પિલ્લાઈ | (B) શ્યામજી કૃષ્ણ વર્મા |
| (C) સરદારસિંહ રાણા | (D) ઉપરના તમામ |

27. નાગાલેન્ડની કઈ રાણીએ ફક્ત 13 વર્ષની ઉંમરે ગાંધીજીના આંદોલનમાં ભાગ લીધો હતો ?

| | |
|---|---|
| (A) રાણી લક્ષ્મીબાઈ | (B) રાણી ગીડાલું |
| (C) રાણી પદ્માવતી | (D) રાણી રૂપમતી |

28. ખાખરેચી સત્યાગ્રહ સૌરાષ્ટ્રના કયા દેશી રજવાડા સાથે સંકળાયેલ છે ?

| | |
|---|---|
| (A) ભાવનગર | (B) રાજકોટ |
| (C) મોરબી | (D) જુનાગઢ |

29. 'હિન્દ સ્વરાજ' પુસ્તકમાં ગાંધીજીએ કયા વિષય પર સૌથી વધુ ભાર મૂક્યો છે ?

| | |
|---|---|
| (A) આધુનિક ટેકનોલોજી | (B) આર્થિક વિકાસ |
| (C) આત્મનિર્ભરતા અને આધ્યાત્મિકતા | (D) વિદેશી સંબંધો |

30. મહાગુજરાત આંદોલનના નેતા ઈન્દુલાલ યાજ્ઞિક કયા આશ્રમ સાથે સંકળાયેલા હતા ?

| | |
|---|---|
| (A) હરીપુરા આશ્રમ | (B) નેનપુર આશ્રમ |
| (C) સરખા આશ્રમ | (D) બોરસદ આશ્રમ |

31. પીઠોરો ચિતરતી વેળાએ લખારો સૌપ્રથમ કોનો ઘોડો ચિતરે છે ?

| | |
|---|---|
| (A) પિઠોરા દેવનો | (B) પિઠોરાની રાણીનો |
| (C) પિઠોરા માતાનો | (D) ગણેશજીનો |

32. મોરબીના રાજવીએ તેમના ધર્મપત્ની મણિબાઈની યાદગીરીમાં મણિમંદિર ઇમારત બનાવી. આ રાજવીનું નામ જણાવો.

| | |
|---|---|
| (A) જામ રાવળ | (B) વાઘજી ઠાકોર |
| (C) મહારાજા ભગવતસિંહજી | (D) જામ રણજીતસિંહજી |

33. લાલિયો ગધેડો અને મોતિયો કુતરા સાથે સંકળાયેલ કચ્છનો ધ્રાંગનો મેળો કઈ રીતે દરમિયાન યોજાય છે ?

| | |
|---|---|
| (A) ભાદરવા શુભ ચૌદસના રોજ | (B) ભાદરવા વદ ચૌદસના રોજ |
| (C) મહાવદ ચૌદસના રોજ | (D) મહા સુદ ચૌદસના રોજ |

34. આદિવાસી સમાજમાં ઉજવાતો (ગણગોર) ગૌરનો ઉત્સવ કયા માસ દરમિયાન ઉજવાય છે ?

| | |
|---|---|
| (A) આસો | (B) વૈશાખ |
| (C) ચૈત્ર | (D) શ્રાવણ |

35. પ્રથમ મૌલિક ગુજરાતી નાટક 'ગુલાબ' કોના દ્વારા લખાયું હતું ?

| | |
|---|---|
| (A) નગીનદાસ મારફતિયા | (B) નવલરામ પંડ્યા |
| (C) નગીનદાસ પારેખ | (D) રણછોડભાઈ ઉદયરામ દવે |

36. નીચે આપેલ માંથી કોને પારસી નાટ્યકળાના રંગભૂમિના જીવનદાતા સમાન ગણવામાં આવે છે ?

| | |
|---|---|
| (A) હસમુખ બારાડી | (B) પ્રવીણ જોશી |
| (C) ચઝદ કરંજિયા | (D) કાંતિ મડિયા |

37. શામળ અને પ્રેમાનંદના ગ્રંથોનું સંશોધન કાર્ય કઈ સંસ્થા દ્વારા થયું હતું ?

| | |
|---|---|
| (A) ગુજરાત સંશોધન મંડળ | (B) ગુજરાત સાહિત્ય અકાદમી |
| (C) ભારતીય વિદ્યાભવન | (D) આપેલ પૈકી એક પણ નહીં |

38. ગુજરાતમાં 'નર્મદ લાયબ્રેરી' ક્યાં આવેલી છે ?

| | |
|---|---|
| (A) સુરત | (B) રાજકોટ |
| (C) અમદાવાદ | (D) નવસારી |

39. બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી મંદિરમાં માતા સતીના અંગોનો કયો ભાગ પડ્યો હતો ?

| | |
|---|---|
| (A) હૃદય | (B) આંગળી |
| (C) અંગૂઠો | (D) જીભ |

40. ગુજરાતના મોઢેરા ખાતે ઈશ્વરના કયા સ્વરૂપનું ભગ્ન- પૂજા સ્થળ મંદિર છે ?

| | |
|---|---|
| (A) સૂર્ય | (B) સોમ-ચંદ્ર |
| (C) શિવ | (D) વિષ્ણું |

41. ગુજરાત (કચ્છ) અને અરુણાચલ પ્રદેશ વચ્ચે લગભગ 300 રેખાંશોનો તફાવત હોવાને લીધે સ્થાનિક સમયમાં આશરે કેટલા કલાકનો તફાવત પડે છે ?

| | |
|---|---|
| (A) 3 | (B) 2 |
| (C) 4 | (D) 5 |

42. ભૂખંડ ની સપાટી ને શું કહેવામાં આવે છે ?

| | |
|---|---|
| (A) સિમા | (B) નિફે |
| (C) ભૂકવચ | (D) સિયાલ |

43. જ્વાળામુખીની ક્રિયા દરમિયાન કેટલીક વાર છિદ્રમાંથી લાવવાને બદલે ફક્ત વરાળ અને વાયુઓ જ બહાર આવે છે જેને _____ કહેવાય છે.

| | |
|---|---|
| (A) ધુમસેર | (B) ગરમ પાણીના ઝરા |
| (C) ગીઝર | (D) આપેલ માંથી એક પણ નહીં |

44. _____ની પ્રક્રિયા દ્વારા વરસાદી પાણી જમીનમાં સમાઈ જાય છે.

| | |
|---|---|
| (A) પ્રસરણ | (B) બાષ્પોત્સર્જન |
| (C) કરાનો વરસાદ | (D) ઘનીકરણ |

45. પુર્વ ભારતનું અંતિમ બિંદુ વાલાંગુ કયા રાજ્યમાં આવેલું છે ?

| | |
|---|---|
| (A) અરુણાચલ પ્રદેશ | (B) આસામ |
| (C) મણિપુર | (D) મિઝોરમ |

46. ભારતના કયા રાજ્યમાં નંદાદેવી અભયારણ્ય આવેલ છે ?

| | |
|---|---|
| (A) ઝારખંડ | (B) મધ્યપ્રદેશ |
| (C) ઉત્તરાખંડ | (D) આસામ |

47. નીચેનામાંથી કોને 'કાળું અયસ્ક' તરીકે ઓળખવામાં આવે છે?

| | |
|---|---|
| (A) હેમેટાઈટ | (B) મેગ્નેટાઇટ |
| (C) લિમોનાઈટ | (D) સિડેરાઈટ |

48. વસ્તીમાં એક વય જૂથ અને બીજા વય જૂથનો ગુણોત્તર દર્શાવતા સ્તંભ આલેખ ના સંકલનને શું કહેવામાં આવે છે ?

| | |
|---|---|
| (A) ગુણોત્તર આલેખ | (B) વય વિતરણ ચાર્ટ |
| (C) વય પિરામિડ | (D) વય ઘનતા આલેખ |

49. રાષ્ટ્રીય જન સંખ્યા નીતિ પ્રમાણે કયા વર્ષ સુધીમાં વસ્તી સ્થિરતા મેળવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ?

| | |
|---|---|
| (A) 2045 | (B) 2025 |
| (C) 2035 | (D) 2031 |

50. તોડા આદિજાતિનું નિવાસસ્થાન ______ પહાડીઓમાં છે.

| | |
|---|---|
| (A) ઈરામલા | (B) શિવાલીક |
| (C) મહાદેવ | (D) નીલગિરી |

51. ટાટા આયર્ન સ્ટીલ કંપની (TISCO) ની સ્થાપના કયા વર્ષમાં થઈ હતી ?

| | |
|---|---|
| (A) 1907 | (B) 1987 |
| (C) 1915 | (D) 1927 |

52. ભારતમાં 1991 પછી કયા ક્ષેત્રે નિયમનકારી સંસ્થા સ્થાપવામાં આવી ન હતી ?

| | |
|---|---|
| (A) વીમો | (B) શેર બજાર |
| (C) વીજળી | (D) રક્ષણ ક્ષેત્ર |

53. કઈ પંચવર્ષીય યોજના દરમિયાન બાગાયતી ક્ષેત્રના વિકાસ માટે કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા ?

| | |
|---|---|
| (A) દસમી | (B) પાંચમી |
| (C) દ્વિતીય | (D) છઠ્ઠી |

54. ભારતમાં હરિયાળી ક્રાંતિના પ્રણેતા કોણ ?

| | |
|---|---|
| (A) ડૉ. સ્વામીનાથન | (B) ડૉ. કુરિયન |
| (C) ડૉ. હોમી ભાભા | (D) ડૉ. જગદીશચંદ્ર બોઝ |

55. ભારતમાં ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?

| | |
|---|---|
| (A) 1954 | (B) 1962 |
| (C) 1956 | (D) 1960 |

56. કઈ ઔધોગિક નીતિ હેઠળ ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI)ની સ્થાપના કરાઈ ?

| | |
|---|---|
| (A) 1990 | (B) 1991 |
| (C) 1948 | (D) 1956 |

57. આર્થિક આંતર માળખામાં શાનો સમાવેશ થતો નથી ?

| | |
|---|---|
| (A) રેલવે | (B) એનર્જી |
| (C) ટેલિકોમ | (D) શિક્ષણ |

58. ઝરૂકી આંતરરાષ્ટ્રીય હવાઈ મથક ક્યાં આવેલું છે

| | |
|---|---|
| (A) ગુવાહાટી | (B) શિલોંગ |
| (C) અમૃતસર | (D) ઈન્દોર |

59. વિજય કેલકર સમિતિ નો સંબંધ નીચેનામાંથી કોની સાથે છે ?

| | |
|---|---|
| (A) પ્રત્યક્ષ અને પરોક્ષ કરના માળખામાં સુધાર | (B) બેન્કિંગ પ્રણાલીમાં સુધારા |
| (C) આયાત નિકાસ નીતિ | (D) ઉપરના માંથી એક પણ નહીં |

60. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા નું રાષ્ટ્રીયકરણ કયા વર્ષમાં કરવામાં આવ્યું હતું ?

| | |
|---|---|
| (A) 1947 | (B) 1965 |
| (C) 1949 | (D) 1969 |

61. એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન ક્યાં આવેલું છે ?

| | |
|---|---|
| (A) હૈદરાબાદ | (B) ચેન્નઈ |
| (C) પણજી | (D) બેંગલુરૂ |

62. ત્સુનામીએ કઈ ભાષાનો શબ્દ છે ?

| | |
|---|---|
| (A) અરબી | (B) ફ્રેન્ચ |
| (C) લેટિન | (D) જાપાનીઝ |

63. નીચેના પૈકી કયો દેશ જ્વાળામુખીનો ઉપયોગ ભૂ- તાપીય ઉર્જા મેળવવા માટે કરે છે ?

| | |
|---|---|
| (A) જાપાન | (B) શ્રીલંકા |
| (C) ઉરુગ્વે | (D) નેપાળ |

64. દરિયાઈ ગાય તરીકે કોને ઓળખવામાં આવે છે ?

| | |
|---|---|
| (A) જળ બિલાડી | (B) ડુગોંગ |
| (C) બ્લુ સેલ | (D) દરિયાઈ ઘોડો |

65. કયા વર્ષે નળ સરોવરને રામસર સાઈટનો દરજ્જો મળેલ છે ?

| | |
|---|---|
| (A) 2010 | (B) 2005 |
| (C) 2015 | (D) 2012 |

66. ભારત દ્વારા નીચેનામાંથી કયા વર્ષ સુધીમાં 'નેટ ઝીરો ઉત્સર્જન' નું લક્ષ્ય રાખવામાં આવ્યું છે ?

| | |
|---|---|
| (A) 2030 | (B) 2050 |
| (C) 2060 | (D) 2070 |

67. નીચેનામાંથી કયું પ્રદૂષક હવા ગુણવત્તા સૂચક આંકનો ભાગ નથી ?

| | |
|---|---|
| (A) કાર્બન મોનોક્સાઈડ | (B) મેગ્નેટાઈટ |
| (C) લીડ | (D) એમોનિયા |

68. 'બ્લુ ફ્લેગ બીચ' તરીકે કયા બીચને માન્યતા પ્રાપ્ત થઈ છે ?

| | |
|---|---|
| (A) શિવરાજપુર | (B) દાંડી |
| (C) માંડવી | (D) તીથલ |

69. અમૃતાદેવીએ કયા વૃક્ષોના રક્ષણ માટે જીવનનું બલિદાન આપ્યું હતું ?

| | |
|---|---|
| (A) ખેજરી | (B) વડ |
| (C) પીપળો | (D) કેવડો |

70. એસિડ વરસાદ માટે કારણભૂત વાયુનું નામ આપો.

| | |
|---|---|
| (A) સલ્ફર ડાયોક્સાઈડ | (B) કાર્બન મોનોક્સાઈડ |
| (C) હાઈડ્રોજન સલ્ફાઈડ | (D) ઓઝોન |

71. રુધિર કોષોના ઉત્પાદન માટે કયું અંગ જવાબદાર છે ?

| | |
|---|---|
| (A) કિડની | (B) મગજ |
| (C) અસ્થિ મજ્જા | (D) હૃદય |

72. માણસે સૌ પ્રથમ કઈ ધાતુ નો ઉપયોગ કર્યો હતો ?

| | |
|---|---|
| (A) પિત્તળ | (B) તાંબુ |
| (C) ચાંદી | (D) લોખંડ |

73. લીફ્ટની શોધ કોણે કરી છે ?

| | |
|---|---|
| (A) જોસેફ | (B) પીટર ગોલમાર્ક |
| (C) એલિસા ઓટીસ | (D) બ્રુસનેલ ઓટીસ |

74. તારાઓમાં કઈ પ્રક્રિયાને લીધે વિકિરણ સ્વરૂપે ઉર્જા ઉત્પન્ન થતા તેઓ સ્વયં પ્રકાશિત છે ?

| | |
|---|---|
| (A) ન્યુક્લિયર સંલયન | (B) કોસ્મિક |
| (C) ન્યુક્લિયર વિખંડન | (D) સુપરનોવા |

75. ક્લોરોફોર્મ ના શોધક વૈજ્ઞાનિક જેમ્સ સિમસન કયા દેશના હતા ?

| | |
|---|---|
| (A) જર્મની | (B) ફ્રાન્સ |
| (C) બ્રિટન | (D) જાપાન |

76. સૂર્યમાંથી આવતા પ્રકાશ ને શું કહેવાય ?

| | |
|---|---|
| (A) આલ્બેડો | (B) સૂર્યઘાત |
| (C) અરોરા | (D) આમાંથી એકપણ નહીં |

77. ભૂકંપ કેન્દ્રથી પૃથ્વીની સપાટી પરના સૌથી નજીકના સ્થળ કે કેન્દ્રને શું કહે છે ?

| | |
|---|---|
| (A) ભૂસ્ખલન કેન્દ્ર | (B) ભૂગર્ભ નિર્ગમન કેન્દ્ર |
| (C) ભૂકંપ નિર્ગમન કેન્દ્ર | (D) ભૂકંપ ઉદગમ કેન્દ્ર |

78. વિજ્ઞાનમાં નોબલ પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક કોણ હતા ?

| | |
|---|---|
| (A) ડૉ. સી. વી. રામન | (B) ડૉ. જગદીશચંદ્ર બોઝ |
| (C) ડૉ. હોમી ભાભા | (D) ડૉ. વિક્રમ સારાભાઈ |

79. મનુષ્યનું હૃદય પ્રતિ મિનિટે કેટલી વખત ધબકે છે ?

| | |
|---|---|
| (A) 72 | (B) 96 |
| (C) 60 | (D) 84 |

80. ભારતીય અવકાશ અનુસંધાન કેન્દ્રને કયા નામે ઓળખાય છે ?

| | |
|---|---|
| (A) ઈસરો | (B) અટીરા |
| (C) આઈ. આર. એસ. | (D) આઈ. એસ. એસ. |

81. તાજેતરમાં કયા શહેરમાં સૌપ્રથમ "ટ્રેઈન માસ્ટર" નામના મશીન ની મદદથી કાંસમાં તરતો કચરો દૂર કરવા માટે સફળ પ્રયાસ થયો છે ?

| | |
|---|---|
| (A) અમદાવાદ | (B) વડોદરા |
| (C) રાજકોટ | (D) સુરત |

82. વિશ્વનું સૌથી ઊંચું લાઈટ હાઉસ મ્યુઝિયમ કયા સ્થળે નિર્માણાધિન છે ?

| | |
|---|---|
| (A) લોથલ | (B) નળસરોવર |
| (C) ભુજ | (D) અમદાવાદ |

83. વિનામૂલ્યે બીજ વિતરણ કરતી "વંદે વસુંધરા બીજ બેંક" શરૂ કરનાર રાજેશભાઈ બારૈયા કયા જિલ્લાના વતની છે ?

| | |
|---|---|
| (A) રાજકોટ | (B) મોરબી |
| (C) ભાવનગર | (D) સુરેન્દ્રનગર |

84. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહે કયા સ્થળે ભારતના પ્રથમ રેડી ટુ યુઝ કલ્ચર પ્લાન્ટ નું ઉદઘાટન કર્યું ?

| | |
|---|---|
| (A) ગાંધીનગર | (B) આણંદ |
| (C) વડોદરા | (D) સુરત |

85. તાજેતરમાં ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના પ્રેસિડેન્ટ તરીકે કોની નિમણૂંક થઈ ?

| | |
|---|---|
| (A) અજય નથવાણી | (B) પરિમલ નથવાણી |
| (C) પંકજ નથવાણી | (D) સંજય નથવાણી |

86. તાજેતરમાં મહેસાણા જિલ્લાની કઈ ગ્રામ પંચાયતને નગરપાલિકા નો દરજ્જો આપવામાં આવ્યો ?

| | |
|---|---|
| (A) વિસનગર | (B) પાંચોટ |
| (C) સતલાસણા | (D) બહુચરાજી |

87. તાજેતરમાં કયા કવિને નરસિંહ મહેતા એવોર્ડ 2025 થી સન્માનિત કરવામાં આવ્યા ?

| | |
|---|---|
| (A) તુષાર શુક્લ | (B) અનિલ ચાવડા |
| (C) હર્ષ બ્રહ્મભટ્ટ | (D) મનોજ ખંડેરીયા |

88. તાજેતરમાં ગુજરાતના કયા મહિલા ખેલાડીએ આંતરરાષ્ટ્રીય પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીત્યા છે ?

| | |
|---|---|
| (A) ભાવિકા પટેલ | (B) ભાવિના પટેલ |
| (C) ભાવિશા પટેલ | (D) ભાવના પટેલ |

89. તાજેતરમાં અમદાવાદની કઈ હોસ્પિટલ ખાતે ગુજરાતના પ્રથમ નર્સો દ્વારા સંચાલિત ક્લિનિક નું ઉદઘાટન કરવામાં આવ્યું છે ?

| | |
|---|---|
| (A) એપોલો હોસ્પિટલ | (B) ઝાયડસ હોસ્પિટલ |
| (C) એસજીવીપી હોસ્પિટલ | (D) સાલ હોસ્પિટલ |

90. તાજેતરમાં ગુજરાત રાજ્યમાં જાહેર કરાયેલ વિકાસ દીપ યોજના કોના માટે છે ?

| | |
|---|---|
| (A) જેલમાં કેદ બંદીવાનોનાં બાળકો માટે | (B) જેલના વયસ્ક બંદીવાનો માટે |
| (C) (A) અને (B) બંને | (D) ઉપરોક્ત એક પણ નહીં |

91. ભારતનો પ્રથમ સત્તાવાર રીતે જાહેર થયેલ બાળ લગ્નમુક્ત જિલ્લો "બાલોદ" કયા રાજ્યમાં આવેલો છે ?

| | |
|---|---|
| (A) છત્તીસગઢ | (B) બિહાર |
| (C) ઉત્તર પ્રદેશ | (D) તામિલનાડુ |

92. તાજેતરમાં કોણ ભારતના એટર્ની જનરલ તરીકે ફરીથી નિયુક્ત થયા ?

| | |
|---|---|
| (A) આલોક આરાધે | (B) વિપુલ પંચોલી |
| (C) આર. વેંકટરમણી | (D) ઉપરોક્ત એકપણ નહીં |

93. તાજેતરમાં ભારતના 17મા ઉપરાષ્ટ્રપતિ તરીકે કોણે શપથ લીધા ?

| | |
|---|---|
| (A) જગદીશ ધનખડ | (B) એમ. વૈંકૈયા નાયડુ |
| (C) સી. પી. રાધાકૃષ્ણન | (D) ઉપરોક્ત એક પણ નહીં |

94. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કયા રાજ્યના રાજ્યપાલ તરીકેનો વધારાનો હવાલો સંભાળ્યો ?

| | |
|---|---|
| (A) મધ્યપ્રદેશ | (B) મહારાષ્ટ્ર |
| (C) રાજસ્થાન | (D) ઉપરોક્ત એક પણ નહીં |

95. ઓગસ્ટ 2025માં ગવર્મેન્ટ ઈ - માર્કેટપ્લેસ(GeM)નો કેટલામો સ્થાપના દિવસ ઉજવાયો ?

| | |
|---|---|
| (A) આઠમો | (B) દશમો |
| (C) સાતમો | (D) નવમો |

96. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રાચીન હસ્તપ્રતોના ડીઝીટાઇઝેશન માટે કયું મિશન લોન્ચ કરવામાં આવ્યું છે ?

| | |
|---|---|
| (A) જ્ઞાન ભારતમ્ | (B) ઈ - જ્ઞાન ભારતમ્ |
| (C) ઈ-હસ્તપ્રતમ્ | (D) હસ્તપ્રતમ્ |

97. 29 સપ્ટેમ્બર થી 1 ઓક્ટોબર દરમિયાન મોનેટરી પોલિસી કમિટીની કેટલામી બેઠક પુર્ણ થઈ ?

| | |
|---|---|
| (A) 56મી | (B) 57મી |
| (C) 55મી | (D) 58મી |

98. ભારતમાં કેરળ સ્ટેટ ફાઈનાન્શિયલ એન્ટરપ્રાઈઝ કેટલા કરોડનું ટર્નઓવર હાંસલ કરનારી પ્રથમ નોન બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની બની ?

| | |
|---|---|
| (A) 1 લાખ | (B) 50 હજાર |
| (C) 75 હાજર | (D) 2 લાખ |

99. ભારતે ફોર્ટિફાઈડ રાઈસ સ્કીમને કયા વર્ષ સુધી લંબાવી છે ?

| | |
|---|---|
| (A) 2026 | (B) 2027 |
| (C) 2028 | (D) ૨030 |

100. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) ના પ્રથમ મહિલા કુલપતિ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે ?

| | |
|---|---|
| (A) પ્રો. ઉમા કાનજીલાલ | (B) પ્રો. પંકજા મિત્તલ |
| (C) પ્રો. નીરજા ગુપ્તા | (D) ઉપરોક્ત એક પણ નહીં |

101. ઓગસ્ટ 2025 માં હસ્તાક્ષર કરાયેલ ભારત - ઝામ્બિયા વેપાર કરારનો મુખ્ય ઉદ્દેશ કોના વચ્ચે જોડાણ વધારવાનો છે ?

| | |
|---|---|
| (A) સામાજિક સંસ્થાઓ | (B) સહકારી સંસ્થાઓ |
| (C) જોઈન્ટ સ્ટોક કંપનીઓ | (D) ઉપરોક્ત એકપણ નહીં |

102. કયા ક્રિકેટર વિરાટ કોહલીને પાછળ છોડીને T-20 માં સૌથી વધુ રન બનાવનારા પાંચમાં ખેલાડી બન્યા ?

| | |
|---|---|
| (A) જો રૂટ | (B) શુભમન ગિલ |
| (C) ડેવિડ વોર્નર | (D) ઉપરોક્ત એકપણ નહીં |

103. કયો દેશ 2027માં 8મી કોમનવેલ્થ યૂથ ગેમ્સ (CYG) યોજશે ?

| | |
|---|---|
| (A) ઇંગ્લેન્ડ | (B) ભારત |
| (C) થાઈલેન્ડ | (D) માલ્ટા |

104. વૈશ્વિક શાંતિ સૂચક આંક 2025 માં ભારતનું સ્થાન કેટલામું છે ?

| | |
|---|---|
| (A) 110મું | (B) 115મું |
| (C) 112મું | (D) 125મું |

105. તાજેતરમાં કયા દેશમાં ભ્રષ્ટાચાર સામે લડવા સૌ પ્રથમ વખત "ડીએલા" નામના પ્રથમ AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) મંત્રીની નિમણૂંક કરવામાં આવી છે ?

| | |
|---|---|
| (A) ફીનલેન્ડ | (B) દક્ષિણ કોરિયા |
| (C) આલ્બેનિયા | (D) જાપાન |

106. બિગ બેશ લીગ (BBL) સીડની થન્ડરમાં સામેલ થનાર ભારતનો પ્રથમ ક્રિકેટર કોણ છે ?

| | |
|---|---|
| (A) શ્રેયસ ઐયર | (B) રવિચંદ્રન અશ્વિન |
| (C) વિરાટ કોહલી | (D) હાર્દિક પંડ્યા |

107. ભૂકંપના કારણે ચર્ચામાં આવેલ કામચટકા ક્ષેત્ર કયા દેશમાં આવેલ છે ?

| | |
|---|---|
| (A) જાપાન | (B) રશિયા |
| (C) ઈન્ડોનેશિયા | (D) ફીનલેન્ડ |

108. ઈંગા રુગિનિએન કયા દેશના વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે ?

| | |
|---|---|
| (A) લિથુઆનિયા | (B) લાટવિયા |
| (C) સ્લોવેકિયા | (D) ઑસ્ટ્રિયા |

109. ઓગસ્ટ 2025 માં ભારતે કયા દેશને કૃષિ ક્ષેત્રે મદદ માટે કોલંબિયાના 5 મેટ્રિક ટન બીજ મોકલી આપ્યા ?

| | |
|---|---|
| (A) શ્રીલંકા | (B) ફિજી |
| (C) નેપાળ | (D) ઓસ્ટ્રેલિયા |

110. IFFCO કયા દેશમાં તેનો પ્રથમ વિદેશી નેનો ફર્ટિલાઇઝર પ્લાન્ટ સ્થાપિત કરશે ?

| | |
|---|---|
| (A) અમેરિકા | (B) ડેનમાર્ક |
| (C) રશિયા | (D) બ્રાઝિલ |

111. 1 થી 100ની સંખ્યા લખતી વખતે "3" ની સંખ્યા કેટલી વખત લખવામાં આવે છે ?

| | |
|---|---|
| (A) 10 | (B) 11 |
| (C) 15 | (D) 20 |

112. 1 થી 40 વચ્ચેની એવી સંખ્યા કે જેને ચોક્કસ 4 વડે ભાગી શકાય છે તેવી સંખ્યાઓને પડતી મૂકીએ તો બાકી કેટલી સંખ્યા વધે ?

| | |
|---|---|
| (A) 27 | (B) 30 |
| (C) 31 | (D) 28 |

113. 3393 માં કેટલા ઉમેરવાથી મળતી સંખ્યાને 4 વડે નિ:શેષ ભાગી શકાય ?

| | |
|---|---|
| (A) 03 | (B) 04 |
| (C) 05 | (D) ઉપરોક્ત એકપણ નહીં |

114. $538 \times 999 = ?$

| | |
|---|---|
| (A) 537460 | (B) 537462 |
| (C) 537465 | (D) 537472 |

115. નીચેનામાંથી કઈ સંખ્યા પૂર્ણવર્ગ છે ?

| | |
|---|---|
| (A) 3916 | (B) 2986 |
| (C) 1536 | (D) 1764 |

116. બે સંખ્યાઓનો ગુણાકાર 13778 અને તેમનો ગુ.સા.અ. 83 છે. તેમનો લ.સા.અ. શોધો.

| | |
|---|---|
| (A) 165 | (B) 166 |
| (C) 174 | (D) 157 |

117. 18 અને 24 નો ગુ.સા.અ. શોધો.

| | |
|---|---|
| (A) 12 | (B) 8 |
| (C) 14 | (D) 6 |

118. 1,40,608 નું ઘનમૂળ શોધો.

| | |
|---|---|
| (A) 52 | (B) 42 |
| (C) 32 | (D) 62 |

119. કુલ 7 વિષયના ગુણની સરેરાશ 60 હતી. પરંતુ એક વિષયમાં 30 ના બદલે 65 લેવાઈ ગયા છે, તો સાચી સરેરાશ શોધો.

| | |
|---|---|
| (A) 50 | (B) 60 |
| (C) 55 | (D) 65 |

120. 2, 4, 5, 10, 16, 7 નો મધ્યસ્થ કેટલો થાય ?

| | |
|---|---|
| (A) 7 | (B) 6 |
| (C) 5 | (D) 4 |

121. 1 થી 100 સુધીની પ્રાકૃતિક સંખ્યાઓનો મધ્યક કેટલો થાય ?

| | |
|---|---|
| (A) 50.5 | (B) 50 |
| (C) 49.5 | (D) 51.5 |

122. નીચે આપેલી માહિતીનો બહુલક કેટલો થશે ?

4, 4, 56, 78, 32, 40, 57, 78, 4, 56.

| | |
|---|---|
| (A) 56 | (B) 78 |
| (C) 04 | (D) આપેલ માહિતીને બહુલક નથી. |

123. એક વેપારીને 120 પેન વેચતા 30 પેનની મૂળ કિંમત જેટલી ખોટ જાય છે તો ખોટની ટકાવારી શોધો.

| | |
|---|---|
| (A) 25% | (B) 27% |
| (C) 30% | (D) 15% |

124. એક વેપારી રૂ. 2 માં 3 લીંબુ ખરીદે અને રૂપિયા 1 માં 1 લીંબુ વેચે છે તો રૂ. 30 નફો કમાવવા માટે કેટલા લીંબુ વેચવા પડે ?

| | |
|---|---|
| (A) 80 | (B) 85 |
| (C) 90 | (D) 100 |

125. કઈ રકમનું 8% લેખે 4 વર્ષમાં સાદુ વ્યાજ રૂ. 400 થાય ?

| | |
|---|---|
| (A) 1200 | (B) 1400 |
| (C) 1250 | (D) 1450 |

126.રૂ. 20,000 નું 10% લેખે 3 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થશે ?

| | |
|---|---|
| (A) 6620 રૂ. | (B) 6600 રૂ. |
| (C) 6580 રૂ | (D) 6500 રૂ. |

127. એક સમાંતર શ્રેણી (A,P) ના પ્રથમ બે પદ -1 અને 4 છે, તો 11 મું પદ ___ છે.

| | |
|---|---|
| (A) 56 | (B) 49 |
| (C) 48 | (D) 55 |

128. ગુણોત્તર શ્રેણી 3, 12, 48,....... નું કયું પદ 49152 છે ?

| | |
|---|---|
| (A) 8 | (B) 9 |
| (C) 7 | (D) 6 |

129. 1400 થી 1600 ની વચ્ચે 5 વડે ભાગી શકાય તેવી તમામ સંખ્યાઓનો સરવાળો શોધો.

| | |
|---|---|
| (A) 50,500 | (B) 57,300 |
| (C) 58,500 | (D) 53,000 |

130. એક વસ્તુ પર 20% અને 25% ના બે ક્રમિક વળતર આપવામાં આવે તો સમગ્રપણે કુલ કેટલું વળતર મળશે ?

| | |
|---|---|
| (A) 32% | (B) 30% |
| (C) 40% | (D) 35% |

131. A એક કામ 45 દિવસમાં પૂરું કરે છે. જ્યારે B, 30 દિવસમાં કામ પૂરું કરી શકે છે. તો બંને ભેગા મળીને કેટલા દિવસમાં કામ પૂરું કરી શકે ?

| | |
|---|---|
| (A) 18 | (B) 20 |
| (C) 37 | (D) 38 |

132.એક છોકરો તેના ઘરેથી સ્કૂલે 3 કિમી/ કલાક ની ઝડપે જાય છે. અને પરત 2 કિમી/ કલાક ની ઝડપે પાછો ફરે છે. જો આવન જાવન માં કુલ સમય 5 કલાક થયા હોય, તો ઘરથી સ્કૂલ વચ્ચેનું અંતર કેટલું ?

| | |
|---|---|
| (A) 8 કિમી | (B) 6 કિમી |
| (C) 7 કિમી | (D) 10 કિમી |

133. દર એક કલાકે કારની ગતિ 3 કિ.મી. વધે છે. જો પહેલા એક કલાકમાં 45 કિ.મી.નું અંતર કાપવામાં આવ્યું હોય, તો 15 કલાકમાં કુલ કેટલું અંતર કાપવામાં આવ્યું ?

| | |
|---|---|
| (A) 1000 | (B) 970 |
| (C) 980 | (D) 990 |

134. શીલા 2 મિનિટમાં 90 મીટર ચાલે છે તો 225 મીટર ચાલવામાં કેટલી મિનિટ લાગશે ?

| | |
|---|---|
| (A) 3.5 | (B) 5 |
| (C) 4.5 | (D) 7 |

135. રીના સુનીતા કરતા બે ગણી મોટી છે. ત્રણ વર્ષ પહેલા, તે સુનીતા કરતા ત્રણ ગણી મોટી હતી. રીનાની આયુ હાલ કેટલી છે ?

| | |
|---|---|
| (A) 6 વર્ષ | (B) 8 વર્ષ |
| (C) 12 વર્ષ | (D) 11 વર્ષ |

136. જો આજે બુધવાર હોય તો 97 દિવસ પછી કયો વાર હશે ?

| | |
|---|---|
| (A) સોમવાર | (B) મંગળવાર |
| (C) બુધવાર | (D) ગુરૂવાર |

137. જો ઘડિયાળમાં 6 વાગ્યા હોય ત્યારે મિનિટ કાંટો વાયવ્ય ખૂણામાં હોય તો કલાક કાંટો કયા ખૂણામાં કહેવાય ?

| | |
|---|---|
| (A) ઈશાન | (B) અગ્નિ |
| (C) નૈઋત્ય | (D) આપેલ એકપણ નહીં |

138. B એ C ની બહેન છે. D એ E ના પિતા છે. C એ D ની માતા છે. F એ E નો ભાઈ છે. B નો F સાથે કયો સંબંધ છે ?

| | |
|---|---|
| (A) માતાના પિતાની બહેન | (B) માતાની માતા |
| (C) માતાની બહેન | (D) પિતાની માતાની બહેન |

139. વિજય કહે છે 'આનંદની માતા મારી માતાની એકમાત્ર પુત્રી છે' તો આનંદનો વિજય સાથે, શો સંબંધ છે ?

| | |
|---|---|
| (A) ભાઈ | (B) પિતા |
| (C) ભાણેજ | (D) દાદા |

140. પેલા માણસના પિતા મારા પિતાના પુત્ર છે. હું મારા મા - બાપનું એકમાત્ર સંતાન છું તો એ માણસ મારો શું સગો થાય ?

| | |
|---|---|
| (A) પુત્ર | (B) કાકા |
| (C) દાદા | (D) મામા |

141. A, B, C, D અને E પૈકી સૌથી ઓછા માર્ક્સ કોને મળ્યા હશે ?

વિધાન 1: D ના માર્ક્સ ફક્ત C અને E થી ઓછા છે.

વિધાન 2: B એ A કરતા વધારે માર્કસ મેળવ્યા છે.

| |
|---|
| (A) વિધાન (1) એકલું આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે |
| (B) વિધાન (2) એકલું આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે. |
| (C) વિધાન (1) અને વિધાન (2) બંને સાથે આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે. |
| (D) વિધાન (1) અને વિધાન (2) બંને સાથે પણ આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત નથી. |

142. એક પાસાને ફેંકવામાં આવે તો તેની પર બેકી સંખ્યા આવે તેની સંભાવના કેટલી ?

| | |
|---|---|
| (A) 2/3 | (B) 3/4 |
| (C) 1/2 | (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં |

143. એક સમઘન પાસા ને ઉછાળતા મળતા પરિણામો ______ કહેવાય.

| | |
|---|---|
| (A) સતત | (B) અસતત |
| (C) ગુણવાચક | (D) અપૂર્ણ |

144. નીચે આપેલા વિકલ્પોમાંથી કઈ જોડી નીચે આપેલી પ્રસ્તુતિને સમાન છે ?

178 : 871

| | |
|---|---|
| (A) 152 : 521 | (B) 655 : 556 |
| (C) 339 : 393 | (D) 664 : 464 |

145. અક્ષરોનો સંબંધ ધરાવતી જોડી પૂર્ણ કરો.

ACEG : IKMO : PRTV : ?

| | |
|---|---|
| (A) XZBD | (B) WXAC |
| (C) JLMP | (D) QRUW |

❖ <u>નીચેની માહિતી પરથી પ્રશ્ન નંબર 146 થી 150 ના જવાબ આપો:-</u>

નીચેનું કોષ્ટક પુસ્તકો, સામયિકો અને જર્નલ્સ ને વસ્તુઓની ત્રણ શ્રેણીઓ તરીકે વેચતી વખતે વર્ષ 2012-15 દરમિયાન પ્રકાશન ગૃહ દ્વારા પેદા થયેલી વેચાણ આવક (લાખમાં) પરના ડેટાને દર્શાવે છે.

| વેચાણ આવક (લાખ રૂ.માં) | | | | |
|---|---|---|---|---|
| વસ્તુઓ | 2012 | 2013 | 2014 | 2015 |
| જર્નલ્સ | 46 | 47 | 45 | 44 |
| સામયિકો | 31 | 39 | 46 | 51 |
| પુસ્તકો | 73 | 77 | 78 | 78 |

146. સૌથી ઓછું પ્રમાણિત વિચલન કઈ વસ્તુના વેચાણમાં છે ?

| | |
|---|---|
| (A) જર્નલ્સ | (B) સામયિક |
| (C) પુસ્તક | (D) નક્કી થઈ શકે નહીં |

147. વર્ષ 2014 થી વર્ષ 2015 કુલ વેચાણ આવકની દ્રષ્ટિએ જે વૃદ્ધિ દર્શાવતું હતું તે જ સમાન વૃદ્ધિ વર્ષ 2016 પણ વર્ષ 2015 ની સરખામણીએ દર્શાવે તો વર્ષ 2016 માં આવક આશરે હોવી જોઈએ:

| | |
|---|---|
| (A) રૂ. 194 લાખ | (B) રૂ. 187 લાખ |
| (C) રૂ. 177 લાખ | (D) આપેલ પૈકી એકપણ નહીં |

148. વસ્તુઓની ઓછામાં ઓછી બે શ્રેણીઓ માંથી આવકમાં વધારો થયો હોય તેવા વર્ષોની સંખ્યા.

| | |
|---|---|
| (A) 0 | (B) 1 |
| (C) 2 | (D) 3 |

149. વર્ષ 2015માં, કુલ આવકના આશરે કેટલા ટકા પુસ્તકો માંથી આવ્યા હતા ?

| | |
|---|---|
| (A) 45% | (B) 55% |
| (C) 35% | (D) 25% |

150. સામયિકોના વેચાણમાં વર્ષ 2012 થી વર્ષ 2015 સુધીમાં આશરે કેટલો ટકાવારી વધારો થયો છે ?

| | |
|---|---|
| (A) 60% | (B) 65% |
| (C) 70% | (D) 68% |

151. What happened when you _____ do as they asked you to do ?

| | |
|---|---|
| (A) didn't | (B) doesn't |
| (C) do not | (D) have |

152. Choose the correct active voice for the sentence:

A house may be bought by her.

| |
|---|
| (A) She may buy a house. |
| (B) May be she buys a house. |
| (C) She may buy the house. |
| (D) She might buy a house. |

153. One should not give unsolicited advice. (Change the voice)

| |
|---|
| (A) Unsolicited advice is not to be given. |
| (B) Unsolicited advice can't be given. |
| (C) Unsolicited advice may not be given. |
| (D) Unsolicited advice should not be given. |

154. He said, "I saw a book here". (Change the Speech)

| |
|---|
| (A) He said that he saw a book here. |
| (B) He said that he saw a book there. |
| (C) He said that he had seen a book here. |
| (D) He said that he had seen a book there. |

155. Turn this sentence into indirect speech:

The student said to me, "Let me read sir"

| |
|---|
| (A) The student said that let him read. |
| (B) The student asked sir to let him read. |
| (C) The student asked me to let him read. |
| (D) The student said to sir that let him read. |

156. Leaders are not always Corrupt. (Make Affirmative Sentence)

| |
|---|
| (A) Leaders are never corrupt. |
| (B) Leaders are sometimes non-corrupt. |
| (C) Leaders are always corrupt. |
| (D) Leaders are not rarely corrupt. |

157. Select the most appropriate ANTONYM of the given word.

'Incompetent'

| | |
|---|---|
| (A) Innate | (B) Skilled |
| (C) Unauthorized | (D) Inept |

158. Rohan is _____ cleverest student in our class.

| | |
|---|---|
| (A) a | (B) the |
| (C) an | (D) None of these |

159. Give adjective form of 'Gild'.

| | |
|---|---|
| (A) Golded | (B) Gilding |
| (C) Englid | (D) Gilt |

160. Geeta is ashamed _____ her conduct.

| | |
|---|---|
| (A) of | (B) by |
| (C) from | (D) for |

161. I will take the job, ____ the pay is too low.

| | |
|---|---|
| (A) but | (B) unless |
| (C) yet | (D) if |

162. Give the past participle form of ' To Slay'

| | |
|---|---|
| (A) Sleyed | (B) Slayied |
| (C) Slid | (D) Slain |

163. The adverb of the word 'Sleep'

| | |
|---|---|
| (A) Sleepy | (B) Sleepily |
| (C) Sleeping | (D) Sleepingly |

164. Give the noun of the word – 'Attach'.

| | |
|---|---|
| (A) Attached | (B) Attachment |
| (C) Attachable | (D) None of the Above |

165. This computer is not yours.
In the above sentence 'yours' is a/an _____.

| | |
|---|---|
| (A) Adjective | (B) Noun |
| (C) Pronoun | (D) Verb |

166. Choose the correct meaning of 'To grease the palm'.

| | |
|---|---|
| (A) To smooth | (B) To bribe |
| (C) To win | (D) To make up mind |

167. Choose the synonym/Similar: "TURMOIL".

| | |
|---|---|
| (A) Composure | (B) Calmness |
| (C) Disturbance | (D) Maintain |

168. Give one word:
A Person employed to drive a private or hired car.

| | |
|---|---|
| (A) Chauffeur | (B) Burglar |
| (C) Owner | (D) Eavesdropper |

169. Use a prefix to make a word negative: Fair

| | |
|---|---|
| (A) disfair | (B) infair |
| (C) misfair | (D) unfair |

170. Please don't ____ any help from him.

| | |
|---|---|
| (A) except | (B) aspect |
| (C) exccept | (D) expect |

171. 'ઓછું આવવું' રૂઢિપ્રયોગ નો અર્થ લખો.

| | |
|---|---|
| (A) કરકસર કરવી | (B) દુઃખ થવું |
| (C) વધારે ન હોવું | (D) ખુશ થવું |

172. જુદા પડતા રૂઢિપ્રયોગનો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (A) લીલું પીળું થઈ જવું | (B) ત્રીજું નેત્ર ઉઘાડવું |
| (C) લીલાં પીળાં દેખાઈ જવાં | (D) લાલ થઈ જવું |

173. નીચેના પૈકી કયો વિકલ્પ "તાંબા ની તોલડી તેર વાનાં માગે" કહેવતનો સાચો અર્થ છે ?

| |
|---|
| (A) ગરીબ વ્યક્તિને તકલીફો અનેક |
| (B) દેવાદારની તે ઉઘરાણી કરનારા ઘણાં |
| (C) ઘર સંસાર માંડો ત્યારે ઘણી બધી ચીજ વસ્તુઓ જોઈએ |
| (D) ઘરડા વ્યક્તિઓને સારવાર ની જરૂર વધારે પડે છે |

174. કહેવત માં કયો વિકલ્પ જુદો પડે છે ?

| | |
|---|---|
| (A) વાંદરાને નિસરણી મળી | (B) દોહ્વું હતું ને ઢાળ મળ્યો |
| (C) કોદરાની કોદરી કરી | (D) માંકડું હતું ને દારૂ પીધો |

175. "નવરાત્રિ" કયો સમાસ છે ?

| | |
|---|---|
| (A) દ્વન્દ્વ | (B) દ્વિગુ |
| (C) તત્પુરુષ | (D) કર્મધારય |

176. 'હાથ રૂમાલ' શબ્દમાં કયો સમાસ છે

| | |
|---|---|
| (A) દ્વિગુ | (B) મધ્યમપદલોપી |
| (C) કર્મધારય | (D) ઉપપદ |

177. "રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ
નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી". - કયો છંદ છે ?

| | |
|---|---|
| (A) માત્રામેળ | (B) અનુષ્ટુપ |
| (C) શિખરિણી | (D) મંદાક્રાન્તા |

178. 'પ્રેમ શંકર પાણી પીવા પાણીયારે ગયા' પંક્તિમાં કયો અલંકાર છે?

| | |
|---|---|
| (A) વર્ણાનુપ્રાસ | (B) ઉત્પ્રેક્ષા |
| (C) ઉપમા | (D) રૂપક |

179. 'દોહરો' છંદમાં 1 અને 3 ચરણમાં કેટલી માત્રાઓ હોય છે ?

| | |
|---|---|
| (A) 11 માત્રાઓ | (B) 15 માત્રાઓ |
| (C) 13 માત્રાઓ | (D) 9 માત્રાઓ |

180. આ રમણીનો રાગ કોને મુગ્ધ ન કરે ? - અલંકાર ઓળખાવો.

| | |
|---|---|
| (A) યમક | (B) રૂપક |
| (C) શ્લેષ | (D) સજીવારોપણ |

181. 'એક જ સમયમાં થઈ ગયેલું' - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

| | |
|---|---|
| (A) સમકાલીન | (B) વખતસર |
| (C) સમયસર | (D) સમષ્ટિ |

182. 'મસ્તક પર ડાળીવાળી સ્ત્રીનું શિલ્પ' - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

| | |
|---|---|
| (A) શિરભંજિકા | (B) પુષ્પભંજિકા |
| (C) શિરપ્રતિમા | (D) શાલભંજિકા |

183. કઈ જોડણી સાચી છે ?

| | |
|---|---|
| (A) આધ્યાત્મીકતા | (B) અધ્યાતમીકતા |
| (C) આધ્યત્મિકતા | (D) આધ્યાત્મિકતા |

184. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે ?

| | |
|---|---|
| (A) વીસંવાદ | (B) વિસંવાદ |
| (C) વીસવાંદ | (D) વિસવાંદ |

185. નીચે દર્શાવેલ વાક્યમાં ભૂલ શોધીને લખો.

'દરખાસ્તને મંજૂરી મળેલ હોય કાગળ રવાના કરીએ.

| | |
|---|---|
| (A) દરખાસ્તને | (B) મંજૂરી |
| (C) હોય | (D) કરીએ |

186. શુદ્ધ વાક્ય પસંદ કરો.

| | |
|---|---|
| (A) તેણે ગોળ વર્તુળ દોર્યું. | (B) શું મજા પડી ? |
| (C) યથા શક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ. | (D) ગાયનું શુદ્ધ ઘી વાપરજો. |

187. 'અભ્યાસ' – શબ્દની છૂટી પાડેલી સાચી સંધિ શોધો.

| | |
|---|---|
| (A) અભ્ય + આસ | (B) અભિ + યાસ |
| (C) અભિ + આસ | (D) અભ્ય + અસ |

188. નીચે આપેલી સંધિ વિશે ખોટો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (A) ભો + અન = ભવન | (B) નૌ + અક = નાયક |
| (C) ગંગા + ઔધ = ગંગૌધ | (D) પૌ + અક = પાવક |

189. 'શંકુત' નો સમાનાર્થી શબ્દ આપો.

| | |
|---|---|
| (A) પંખી | (B) શંકા |
| (C) ફૂલ | (D) પ્રાણી |

190. વિરુદ્ધાર્થી શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (A) સંયોગ × ઉપયોગ | (B) સાધક × આરાધક |
| (C) યાચક × વાચક | (D) જયંતી × પુણ્યતિથિ |

191. ભારતના બંધારણને ઘડવામાં સૌથી મોટો સ્રોત કયો છે ?

| | |
|---|---|
| (A) ભારત સરકાર અધિનિયમ, 1919 | (B) ભારત સરકાર અધિનિયમ, 1935 |
| (C) ભારત સરકાર અધિનિયમ, 1947 | (D) ભારત સરકાર અધિનિયમ, 1950 |

192. ભારતના બંધારણની આઠમી અનુસુચિમાં કેટલી ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

| | |
|---|---|
| (A) 18 | (B) 20 |
| (C) 22 | (D) 24 |

193. ભારતના આમુખ ને લગતો કેશવાનંદ ભારતી કેસ ચૂકાદો 1973 કેટલા જજ ની બેચ દ્વારા આપવામાં આવ્યો હતો ?

| | |
|---|---|
| (A) 14 | (B) 12 |
| (C) 11 | (D) 13 |

194. ભારતના બંધારણમાં અનુચ્છેદ 12 થી 35માં _____ ની ચર્ચા કરવામાં આવી છે.

| | |
|---|---|
| (A) નાગરિકતા | (B) મૂળભૂત અધિકાર |
| (C) આમુખ | (D) બંધારણીય રિટ |

195. મૂળભૂત ફરજોને લગતા કયા બંધારણીય સુધારામાં માતા પિતાએ 6 વર્ષ થી 14 વર્ષ સુધીના બાળક ને શિક્ષણની તકો પૂરી પાડવાની બાબત ઉમેરાઈ છે ?

| | |
|---|---|
| (A) 86મો બંધારણીય સુધારો, 2002 | (B) 42મો બંધારણીય સુધારો, 1976 |
| (C) ઉપરોક્ત (A) અને (B) બંને | (D) ઉપરોક્ત એક પણ નહીં |

196. બંધારણમાં સુધારાનો ખરડો_____ રજૂ થઈ શકે છે.

| | |
|---|---|
| (A) ફક્ત લોકસભામાં | (B) ફક્ત રાજ્યસભામાં |
| (C) સર્વોચ્ચ અદાલતમાં | (D) લોકસભામાં અથવા રાજ્યસભામાં |

197. ભારતના એકત્રિત ફંડમાંથી નાણા ઉપાડવા માટેની અધિકૃતતા____ તરફથી હોવી જરૂરી છે.

| | |
|---|---|
| (A) ભારતના રાષ્ટ્રપતિ | (B) ભારતની સંસદ |
| (C) ભારતના પ્રધાનમંત્રી | (D) કેન્દ્રીય નાણામંત્રી |

198. લોકસભાના પ્રથમ સ્પીકર કોણ હતા ?

| | |
|---|---|
| (A) હુકમ સિંઘ | (B) ક.મા. મુનશી |
| (C) ગણેશ વી. માવલંકર | (D) યુ. એન. ઢેબર |

199. ભારતમાં બંધારણ મુજબ સર્વોચ્ચ અને ઉચ્ચ ન્યાયાલય___પ્રકારની રીટ બહાર પાડી શકે છે.

| | |
|---|---|
| (A) 4 | (B) 5 |
| (C) 3 | (D) 6 |

200. ભારતના બંધારણમાં નાણાકીય કટોકટી નો ઉલ્લેખ કયા અનુચ્છેદમાં કરવામાં આવ્યો છે ?

| | |
|---|---|
| (A) અનુચ્છેદ 352 | (B) અનુચ્છેદ 356 |
| (C) અનુચ્છેદ 360 | (D) ઉપરોક્ત એક પણ નહીં |